મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
જુનાગઢ વન વર્તુળ, સરદાર બાગ, જુનાગઢ.
ફોન નંબરઃ- (૦૨૮૫)૨૬૩૬૪૯૮, ફેક્સ નંબરઃ- (૦૨૮૫)૨૬૩૧૦૮૨
Email. junagadhcircle@gmail.com

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

ક્રમાંકઃ- જમન/ટે.૧૨/અ/ ૧૫૧૫-૨૦ /૨૦૧૯-૨૦ તા. ૧૨ /૦૯/૨૦૧૯.

પ્રતિ,

અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,
જમીન, ગુજરાત રાજય,
ગાંધીનગર.

વિષયઃ- પ્રપોઝલ ફોર ગ્રાંટ ફોરેસ્ટ લેન્ડ ફોર ધ ડ્રીંકીંગ વોટર ફેસેલીટી ફોર પીલ્ગ્રીમ્સ એન્ડ ડીવોટી એટ સર્વે નં. ૪૯૫/પી શેત્રુંજય હીલ, રીઝર્વ ફોરેસ્ટ, તાઃ- પાલીતાણા હેક. ૦.૦૨૨૫.

સંદર્ભઃ- (૧) આપનાં પત્રાંકઃ- જમન/૨૯-સી/બ/૧૦૪૩-૪૪/૨૦૧૯-૨૦ તાઃ- ૧૩/૦૬/૨૦૧૯.
(૨) નાયબ વન સંરક્ષકશ્રી, વન વિભાગ, ભાવનગરના પત્રાંકઃ- અ/જમન/ટે.૧૧/૧૧૩૬/૨૦૧૯-૨૦ તાઃ- ૨૩/૦૮/૨૦૧૯.

સાદર સાથ ઉપરોકત વિષય અન્વયે જણાવવાંનું કે, સંદર્ભ-૧ નાં પત્રથી સદરહુ દરખાસ્તમાં અધુરાશ તથાં જરૂરી સુધારા અર્થે અત્રેને ચાર પ્રતમાં દરખાસ્ત પરત કરવામાં આવેલ હતી. જે અન્વયે ના.વ.સં.શ્રી, ભાવનગર વન વિભાગ, ભાવનગર દ્વારા ઉક્ત સંદર્ભ-૨ નાં પત્રથી જરૂરી સુધારા તેમજ માંગવામાં આવેલ પુર્તતા અહેવાલ નીચે વિગતે અત્રેને સાદર કરતા પ્રસ્તુત દરખાસ્ત આ સાથે ત્રણ પ્રતમાં જરૂરી કાર્યવાહી અર્થે સાદર કરવામાં આવે છે. જેની જાણ થવા વિનંતી છે.

(૧) શેત્રુંજય પર્વત એ જૈન લોકોનું સૌથી મોટુ તીર્થ સ્થાન ગણાતું હોય તથાં દર વર્ષે લાખો ભક્તો શેત્રુંજય પર્વત ચડતા હોય આ અગાઉ પણ પાણીની પાઇપ લાઇન તથા વિસામા જેવી દરખાસ્તને અત્રેથી હકારાત્મક અભિપ્રાય સાથે મોકલવામાં આવેલ હતી.

(૨) માંગણીવાળી જમીન શેત્રુંજય પર્વત ચડતા જમણી બાજુએ આવે છે. આ માંગણીવાળી જમીન તળેટી વિસ્તારથી ૧.૯૦૦ કિ.મી. ઉપર જતા આવેલ છે. એટલે કે સરેરાશ ૨ (બે) કિ.મી. ઉપર જતા આ પરબ બનાવવાનો થાય છે. તળેટીથી માંગણીવાળી જગ્યા વચ્ચે અંદાજે ૪ થી ૫ પરબો આવેલ છે. જે મુખ્યત્વે ૪૦૦ થી ૫૦૦ રનીંગ મીટરનાં અંતરે આવેલ છે. જેનો લેન્ડ યુઝ મેપ આ સાથે સામેલ છે.

(3) સદરહુ માંગણીવાળી જમીન પર પાણી પહોંચાડવા માટે અરજદાર પાસે કોઇ પાઇપલાઇનની વ્યવસ્થા નથી પરંતુ ત્યાં આગળ પાણી પહોંચાડવા માટે ગધેડા દ્વારા પાણી વાહતુક કરી પહોંચાડવામાં આવશે. તેવું યુઝર એજન્સી દ્વારા જણાવવામાં આવેલ છે.

સામેલઃ- ઉપર મુજબ.

(એસ.કે.શ્રીવાસ્તવ)
મુખ્ય વન સંરક્ષક
જુનાગઢ વન વર્તુળ, જુનાગઢ

નકલ રવાનાઃ- નાયબ વન સંરક્ષકશ્રી, વન વિભાગ, ભાવનગર તરફ સંદર્ભ-૨ નાં પત્ર અન્વયે જાણ સારૂ.